ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમો બાબત

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : જીએમકે/૧૦૨૦૨૦/૮૧૩/ખ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:-

૧. કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીનો તા.૨૭/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક: તલમ/૧/સંકલન/તા.યોજના/૧૭૦/૨૦

આમુખ:

રાજયમાં પૂરક રોજગારીની તકોના સર્જન માટે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા દર વર્ષે આશરે ૧૨૦૦૦ યુવક/ યુવતિઓને નીચે મુજબ સ્વરોજગારલક્ષી તાલીમ આપવામાં આવી રહેલ છે.

| ક્રમ | તાલીમ કાર્યક્રમ | તાલીમનો સમયગાળો (દિવસ) |
|---|---|---|
| ૧ | ઈકો ફ્રેન્ડલી બેગ | ૬૦ |
| ૨ | ટ્રેડિશનલ ફેન્સી લેધર આર્ટીકલ્સ અને લેધર ગુડસ મેકિંગ | ૬૦ |
| ૩ | રેકઝીન બેગ આર્ટીકલ્સ | ૬૦ |
| ૪ | સોફ્ટ ટોયઝ આર્ટીકલ્સ | ૩૦ |
| ૫ | વાંસકામ આર્ટીકલ્સ | ૬૦ |
| ૬ | કડિયાકામ અને પ્લમ્બીંગ | ૩૦ |
| ૭ | કુદરતી રેસા આર્ટીકલ્સ અને પગલૂછણિયા | ૪૫ |
| ૮ | નાળિયેરના રેષા આર્ટીકલ્સ | ૩૦ |
| ૯ | મડ વર્ક કૌશલ્ય તાલીમ | ૩૦ |
| ૧૦ | સી.સી.ટી.વી. કેમેરા ઈન્સ્ટોલેશન એન્ડ મેઈન્ટેનન્સ | ૩૦ |
| ૧૧ | મોબાઈલ ફોન રીપેરીંગ | ૪૫ |
| ૧૨ | માટીકામ કૌશલ્ય તાલીમ | ૩૦ |
| ૧૩ | સોલાર પી.વી. ઈન્સ્ટોલેશન , મોનીટરીંગ એન્ડ મેઈન્ટેનન્સ | ૩૦ |

આ તાલીમ કાર્યક્રમોના આયોજન બાબતે વંચાણે લીધેલ ક્રમાંક(૧) થી મળેલ દરખાસ્ત મુજબ કાર્યપધ્ધતિ અને ધારાધોરણ નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ તાલીમ કાર્યક્રમોના નિયત ધોરણો નીચે જણાવેલ વિગતો અને શરતોને અધીન આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | નિયત ધોરણ |
|---|---|---|
| ૧ | તાલીમાર્થીની સંખ્યા | મહત્તમ ૩૦ પ્રતિ તાલીમ વર્ગ |
| ૨ | તાલીમાર્થીની ઉંમર | ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથના તાલીમ મેળવવા ઇચ્છુક બેરોજગાર બહેનો – ભાઇઓ. |

Gandhinagar
No : ૯૯૭૫
Date : ૧૫/૨/૨૧

| ક્રમ | વિગત | નિયત ધોરણ |
|---|---|---|
| ૩ | તાલીમ માટેનું સ્થળ | તાલીમના સ્થળની પસંદગીમાં તાલીમના સ્થળે જરૂરી સગવળડતા વાળું પંચાયત/સરકારી મકાન ઉપલબ્ધ હોય તો તેને પ્રથમ પસંદગી આપવા અથવા સરકારી મકાન ઉપલબ્ધ ન હોય તેવી જગ્યાએ તાલીમને અનુરૂપ સગવડતા વાળું ખાનગી મકાન ભાડેથી લઇ શકાશે. |
| ૪ | મકાન ભાડું | ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે વીજળીનો વપરાશ સાથે મકાન ભાડાની જોગવાઇ મહત્તમ મર્યાદા(માસિક)<br>રૂ. ૫૦૦૦/- મહાનગરપાલિકા વિસ્તાર<br>રૂ. ૪૦૦૦/- શહેરી વિસ્તાર<br>રૂ. ૩૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર |
| ૫ | ઇન્સ્ટ્રકટરને મહેનતાણું | પ્રતિ માસ રૂ. ૧૨૦૦૦/- |
| ૬ | આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટરને મહેતાણું | પ્રતિ માસ રૂ. ૯૦૦૦ / |
| ૭ | કાચો માલ | તાલીમના ટ્રેડ મુજબ કુલ રૂ.૫૦૦૦/- થી રૂ.૧૦૦૦૦/- સુધી |
| ૮ | તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ | રૂ. ૨૫૦૦/- પ્રતિ માસ મહત્તમ (પ્રતિ લાભાર્થીને) |
| ૯ | ટીચીંગ એઇડ કોર્સ મટીરીયલ | રૂ. ૨૫૦ પ્રતિ તાલીમાર્થી મહત્તમ |
| ૧૦ | તાલીમ વર્ગનો સમયગાળો | તાલીમના ટ્રેડ મુજબ ૩૦ દિવસથી ૬૦ દિવસ સુધીના |
| ૧૧ | અન્ય તાલીમ આનુસંગિક પરચુરણ અને આકસ્મિક ખર્ચ | યુનીટ કોસ્ટના ૫ ટકા મુજબ |
| ૧૨ | ચુકવણા પધ્ધતિ | તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ/ મકાનભાડુ/ ઇન્સ્ટ્રકટર/ આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટરનું મહેનતાણું વગેરે NEFT/RTGS/DD થી ચુકવણું કરવાનું રહેશે. |

શરતો:

૧. ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,ગાંધીનગર દ્વારા ચલાવવામાં આવતા ટૂંકાગાળાના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમના આયોજન માટે સબંધિત ટ્રેડના તાલીમના સમયગાળા મુજબ ઉપર્યુકત મુજબના ધોરણોની મહત્તમ મર્યાદામાં જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈ અને મંજૂર થયેલ વર્કપ્લાનને અધીન ખર્ચ કરવાનો રહેશે.

૨. તાલીમ કાર્યક્રમના આયોજન માટે ગ્રામ પંચાયત/નગર પાલિકા/મહાનગર પાલિકા /ડી.આર.ડી.એ /ડી.આઈ.સી./સરકારશ્રીના બોર્ડ-નિગમો/ કેન્દ્ર સરકારશ્રીના વિભાગો અને બોર્ડ/ નિગમો/ શૈક્ષણિક સંસ્થાઓ તથા ઉદ્યોગ ગૃહોના કોર્પોરેટ સોશયલ રિસ્પોન્સીબિલીટી અંતર્ગત નોંધાયેલ (CSR)તરફથી મળેલ તાલીમાર્થીઓની યાદી સાથેની દરખાસ્તની ચકાસણી કરી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા તાલીમ કાર્યક્રમનું આયોજન કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની મંજૂરી મેળવીને કરવાનું રહેશે.

૩. તાલીમ માટે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,ગાંધીનગર દ્વારા એમ્પેનલ કરેલ ઇન્સટ્રકટર-આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટર પેનલમાંથી ફક્ત તાલીમ કાર્યક્રમ પૂરતી સેવા લેવાની રહેશે.

૪. સંતોષકારક રીતે તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થીને તાલીમ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૫. તાલીમ બાદ કારીગરો ઉત્પાદનની કામગીરી શરૂ કરે તે માટે તાલીમાર્થીઓને રાજય સરકારશ્રીના વિવિધ વિભાગોની ટુલકીટ તથા બેંકેબલ યોજના અંગે જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.

૬. બજારની સ્થિતિ, સ્થાનિક કૌશલ્ય તથા સ્વરોજગારના સર્જનની ક્ષમતાને ધ્યાને લઇ સંસ્થાના તાલીમ કાર્યક્રમોનો સમયાંતરે મૂલ્યાંકન કરી કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની મંજૂરી મેળવી નવીન ટ્રેડ ઉમેરી કે જુના ટ્રેડ રદ કરી સ્વરોજગારીની શકયતાવાળા ટ્રેડ નકકી કરી શકાશે.

૭. તાલીમ અંગેના ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાના રહેશે.

૮. તાલીમ માટેના જરૂરી સાધન-ઓજાર અને કાચામાલની ખરીદીના કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતો વખતની સૂચનાઓ તેમજ ખરીદીનીતિ અંગેની સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી (કુટિર ઉદ્યોગ)ની તા.૧૩/૦૧/૨૦૨૧થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એ.પરમાર)
ઉપ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

૧. માન.મંત્રીશ્રી, કુટીર ઉદ્યોગ, સ્વર્ણિમ સંકુલ ૧ સચિવાલય, ગાંધીનગર
૨. માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી, કુટીર ઉદ્યોગ, સ્વર્ણિમ સંકુલ ૨ સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી (કુટિર), ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
૬. નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અંને રૂરલટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર.
૭. કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.)
૮. સિલેક્ટ ફાઇલ